**VASISHTHA GENESIS SCHOOL, BARDOLI**

**(Academic Session: 2026-27)**

**Date:** ________ **Class:**4 **Div:** **Roll No:** ______ **Sub:**2LGujarati

**Name:** ______________________________________ **Worksheet:**CH-1,2 Ans

## CH-1 પ્રાકૃતિક સૌંદર્ય

### સ્વાધ્યાય

**મૌખિક**

**પ્ર.૧ તમસ કોણ દૂર કરે છે ?**

જ.૧ સૂર્યનો પ્રકાશ તમસને દૂર કરે છે.

**પ્ર.૨ ઝિલમિલ કોણ ઝબૂકે છે ?**

જ.૨ તારલાઓ ઝિલમિલ ઝબૂકે છે.

**પ્ર.૩ પ્રકૃતિને કોણ નિખારે છે ?**

જ.૩ નદીઓ, ઝરણાંઓ, ફળો, ફૂલો પ્રકૃતિને નિખારે છે.

**પ્ર.૪ દુનિયા આપણને કેવી લાગે છે ?**

જ.૪ દુનિયા આપણને સદા હસતી અને પ્યારી લાગે છે. પ્રકૃતિ પોતાના રૂપ-રંગમાં સર્વેને મોહિત કરે છે.

**લિખિત**

૧. **પ્ર.૧ ધરતી કઈ રીતે ગુંજી ઊઠે છે ?**

જ.૧ પક્ષીઓના મીઠા કલરવથી ધરતી ગુંજી ઉઠે છે.

**પ્ર.૨ સૂર્ય, ચંદ્ર, તારા, નદી, ઝરણાં અને પુષ્પો પ્રકૃતિને કઈ રીતે સૌંદર્ય બક્ષે છે ?**

જ.૨ સૂર્યપોતાના પ્રકાશથી ચંદ્ર પોતાની લાલિમાથી, તારાઓ ઝબૂકીને, નદીઓ, ઝરણાંઓ વહીને, પુષ્પો ખીલીને પ્રકતિને સૌંદર્ય બક્ષે છે.

**પ્ર.૩ વૃક્ષો અને પર્વતો કઈ રીતે કુદરતને સુંદરતા બક્ષે છે ?**

જ.૩ વૃક્ષોની લત્તાઓ ચોતરફ છવાઈને અને પર્વતો પોતાની ઉંચાઈથી આકાશને ચૂમીને કુદરતને સુંદરતા બક્ષે છે.

**પ્ર.૪ પ્રકૃતિ સદા હસતી રહે છે - એમ શા માટે કહેવામાં આવ્યું છે ?**

જ.૪ પ્રકૃતિની સુષમા તેને સદાય હસતી રાખે છે. તેથી એમ કહેવામાં આવ્યું છે કે પ્રકૃતિ સદા હસતી રહે છે

Activate Windows
Go to Settings to activa

૨. નીચેની પંક્તિઓના અર્થ લખો.

૧. ચંદ્રમાની ખીલી લાલિમા.

······ચંદ્રમાની··સુંદરતા··ચોતરફ··ખીલીને··ચાંદનીને··પહોંચાડે··છે.······

૨. ટમટમ્યા તારલા, લીલા પીળા રાતા.

······તારલાઓ રાત્રિના સમયે ઝબૂકીને લીલા, પીળા અને રાતા રંગની ભાત ઉભી કરે છે.······

૩. ઈન્દ્રધનુષી રંગોથી થતી ધરા નવનિત.

······સૂર્યના··પ્રકાશથી,··ચંદ્રની··લાલિમાથી,··તારાઓની··રંગબેરંગી··ભાતથી,··વિવિધ ફૂલો··ફળોના ··રંગોથી··જાણે··ધરતી··ઈન્દ્રધનુષી··રંગોથી··રંગાઈ··હોય તેવું··લાગે··છે.······

## ભાષાજ્ઞાન

**૧. નીચે દર્શાવાયેલ શબ્દોના સમાનાર્થી શબ્દો કવિતામાંથી શોધો અને લખો.**

સૂરજ = ···સૂર્ય··· કુદરત = ···પ્રકૃતિ···

અંધારું = ···તમસ··· તરુ = ···વૃક્ષ···

શશી = ···ચંદ્ર··· ડુંગર = ···પર્વત···

ફૂલ = ···પુષ્પ··· ધરતી = ···ધરા···

**૨. કોઈ કાર્યને કરવું એટલે 'ક્રિયા', દા.ત. ચાલવું, હસવું, ગાવું.**

**કાવ્યના આધારે યોગ્ય ક્રિયા લખીને વાક્ય પૂર્ણ કરો.**

૧. પ્રકૃતિના રંગ ···નિખરે··· છે. ૨. ઝરણાં ···વહે··· છે.

૩. વૃક્ષો ···ઝૂમે··· છે. ૪. ધરતી ···ગુંજે··· છે.

**૩. કવિતામાં આવેલ અનુસ્વાર શબ્દો શોધીને લખો.**

અનુસ્વાર = ···રંગ···, ···ચંદ્રમા···, ···ઊંચા···, ···ગુંજવું···, ···નવું···

## CH-2 હીરકણી- એક માતાની સાહસ કથા

**મૌખિક**

**પ્ર.૧ મહારાજ શિવાજીનો કિલ્લો કઈ પર્વતમાળામાં સ્થિત હતો ?**

જ.૧ મહારાજ શિવાજીનો કિલ્લો સહ્યાદ્રી પર્વતમાળામાં સ્થિત હતો.

**પ્ર.૨ હીરકણીના પરિવારમાં કોણ કોણ હતું ?**

જ.૨ હીરકણીના પરિવારમાં વૃદ્ધ સાસુમાં, પતિ અને નાનો દીકરો બાલ્યા હતો.

**પ્ર.૩ હીરકણી કિલ્લામાં શું વેચવા જતી હતી ?**

જ.૩ હીરકણી કિલ્લામાં દૂધ વેચવા જતી હતી.

## લિખિત

**૧. પ્ર.૧. શિવાજી મહારાજના રાયગઢ કિલ્લામાં કેવી રીતે વેપારીઓને પ્રવેશ અપાતો હતો ?**

જ. ૧. રાયગઢ કિલ્લાના દ્વારપાળો શિવાજી મહારાજના આદેશ મુજબ દરેક વેપારીઓના સામાનની તપાસ કરતાં અને ત્યારબાદ જ કિલ્લામાં પ્રવેશ આપતા હતા.

**પ્ર.૨. હીરકણી કેમ સમયનું ભાન ભૂલી ગઈ અને તેનું શું પરિણામ આવ્યું ?**

જ.૨. કિલ્લાની અંદર 'કોજાગિરિ' ઉત્સવની ઉજવણી ચાલી રહી હતી જ્યાં કલાકારો અવનવાં કરતબો પ્રસ્તુત કરી રહ્યા હતા. આ જોવામાં હીરકણી સમયનું ભાન ભૂલી ગઈ અને પરિણામે દ્વારપાળોએ કિલ્લાનો પ્રવેશદ્વાર બંધ કરી દીધો.

**પ્ર.૩. દ્વારપાળોએ હીરકણીને શું સલાહ આપી ?**

જ.૩. દ્વારપાળોએ હીરકણીને કહ્યું કે મહારાજના આદેશ વગર આ દરવાજો ખુલશે નહીં માટે કોઈ સંબંધીને ઘરે રાત રોકાઈને સવારે ઘરે જતાં રહેજો.

**પ્ર.૪. હીરકણીએ કઈ રીતે કિલ્લાથી બહાર જવાનું શૌર્ય કર્યું ?**

જ.૪. હીરકણીએ પોતાના પુત્રની ચિંતામાં કિલ્લાની પાછળની દીવાલ બાજુ જઈને પાછળથી પહાડ પરથી જીવના જોખમે ઉતરે છે.

**પ્ર.૫. શિવાજી મહારાજએ કઈ રીતે હીરકણીના સાહસના વખાણ કર્યાં ?**

જ.૫. શિવાજી મહારાજે હીરકણીને શાબાશી આપતા કહ્યું કે, હીરકણીમા રહેલી માતૃશક્તિએ રહેલી માતૃશક્તિએ એક અદમ્ય સાહસ કરાવ્યું છે.જે પહાડી હીરકણી જીવના જોખમે ઉતરે છે ત્યાં શિવાજી મહારાજ એક દિવાલ બનાવવાનો આદેશ આપે છે અને આ દિવાલને 'હીરકણી બુર્જ' નામ આપવામાં આવે છે.

**૨. નીચે આપેલ શબ્દ પરથી વાક્ય બનાવો .**

**૧. પરાક્રમ :** મેળામાં કલાકારો વિવિધ પરાક્રમો કરીને મનોરંજન કરે છે.

**૨. હુકમ :** શિવાજી મહારાજનો હુકમ સૈનિકો માને છે.

**૩. રાજધાની :** ભારતની રાજધાની દિલ્હી છે.

**૪. ડુંગર :** રામનગર ગામ પાસે અનેક ડુંગર આવેલાં છે.

**૫. ભરવાડણ :** હીરકણી એ એક ભરવાડણ હતી.

**૩. નીચે આપેલ વિધાનો ખરાં છે કે ખોટાં તે જણાવો.**

૧. હીરકણી ફૂલો વેચવા માટે કિલ્લામાં જતી હતી. ☒

૨. કલાકારોનું કરતબ જોવામાં હીરકણી સમયનું ભાન ભૂલી ગઈ. ☑

૩. દ્વારપાળોએ હીરકણીની અડધી રાતે દરવાજો ખોલીને જવા દીધી. ☒

૪. શિવાજી મહારાજે હીરકણીને દંડ આપ્યો. ☒

૫. "હીરકણી બુર્જ " નામની દિવાલ શિવાજી મહારાજે બનાવડાવી હતી. ☑

## ભાષાજ્ઞાન

**૧.આ શબ્દોના વિરુદ્ધાર્થી શબ્દો લખો.**

બાહર × અંદર

ડરપોક × નીડર

સુરક્ષિત × અસુરક્ષિત

સૂર્યાસ્ત × સૂર્યોદય

તળેટી × શિખર